અપીલ અરજી નં.૩૭૮, તા.૩–૩–૦૯

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ ડે.કમિશ્નર (પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૨૨–૧–૦૯ ની અરજીથી વાળીનાથ ચોકથી કતારગામ અને ધનમોરા પાસે આવેલ હરીદર્શન એપાર્ટમેન્ટની બાજુમાં સ્નેહ સાગર સોસાયટીમાં ચાલતાં નવા બાંધકામ અંગેની મુદ્દા નં.૧ થી ૬ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩–૩–'૦૯ ની અપીલ અરજી નં.૩૭૮/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની તા.૨૨–૧–૦૯ ની અરજીથી વાળીનાથ ચોકથી કતારગામ અને ધનમોરા પાસે આવેલ હરીદર્શન એપાર્ટમેન્ટની બાજુમાં સ્નેહ સાગર સોસાયટીમાં ચાલતાં નવા બાંધકામ અંગેની મુદ્દા નં.૧ થી ૬ની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં પ્રત્યુત્તર ન મળેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૯૪ તા.૯–૩–૦૯ થી ડે.કમિશ્નર (પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને આજ દિન સુધી અત્રેના વિભાગને માહિતી મળેલ નથી. તેમજ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આરટીઆઈ કાયદાની કલમ–૮,૯,૧૧ કે ૨૪ હેઠળ કોઈ અપવાદનું કારણ પણ જણાવેલ નથી.

અરજદારની તા.૨૨–૧–૦૯ ની અરજીથી વાળીનાથ ચોકથી કતારગામ અને ધનમોરા પાસે આવેલ હરીદર્શન એપાર્ટમેન્ટની બાજુમાં સ્નેહ સાગર સોસાયટીમાં ચાલતાં નવા બાંધકામ બાબતે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અપીલ તબકકે પણ અરજદારને માહિતી પૂરી પડાયેલ જણાયેલ નથી.

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૨–૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ નથી. જેથી અરજદારને નહીં પુરી પડાયેલી માહિતી અત્રેની જાણ હેઠળ કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૭ માં માહિતી પુરી પાડવા ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪ –૦૯.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી, કતારગામઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામભાઈ મેમણ